# Visit of Minister of State for External Affairs Shri V. Muraleedharan to the People’s Democratic Republic of Algeria (September 15-17, 2021)

September 14, 2021

---

# (સપ્ટેમ્બર 15-17, 2021) રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રી વી. મુરલીધરનની પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ અલ્જિરિયાની મુલાકાત

સપ્ટેમ્બર 14, 2021

1. રાજ્યકક્ષાના વિદેશમંત્રી અને સંસદીય બાબતોના મંત્રી શ્રી વી. મુરલીધરન 15-17 સપ્ટેમ્બર 2021 દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ અલ્જિરિયાની મુલાકાત લેશે. આ દેશની તેમની આ પ્રથમ મુલાકાત હશે.

2. આ મુલાકાત દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી અલ્જિરિયાના વડાપ્રધાન મહામહિમ એઇમિન બેનાબ્ડરહેમ સાથે વાત કરશે અને વિદેશમંત્રી મહામહિમ રામટેન લામામરા તથા બીજા મહાનુભવો સાથે દ્વિપક્ષિય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રિય પરસ્પર હિતના મુદ્દાઓ અંગે વાતચીત કરશે. તેઓ આ મુલાકાત દરમિયાન ભારતીય સમુદાયના બીજા લોકોને પણ મળશે.

3. ભારત અને અલ્જિરિયા ગાઢ સંબંધો ધરાવે છે જે વસાહતીવાદ સામે તેમના સંયુક્ત ઐતિહાસિક સંઘર્ષમાં ઊંડા મૂળ ધરાવે છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો જુલાઈ 1962માં સ્થપાયા, જે વર્ષે અલ્જેરિયાને આઝાદી મળી હતી. 2020-21માં ભારત અને અલ્જિરિયા વચ્ચે દ્વિપક્ષીય વેપારનું મૂલ્ય 1.39 અબજ યુએસ ડોલર હતું. અલ્જિરિયામાં સંખ્યાબંધ ભારતીય કંપનીઓ વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. આ મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળે તેવી અપેક્ષા છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 14, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.